# બલિહારી ગુરૂ આપકી, ગોવિંદ દિયો બતાય...

## આજે ગુરૂપૂર્ણિમાના પાવન પર્વો સૌના મનમાં પોત પોતાના સદ્ગુરૂ પરત્વે આદરભાવ વ્યક્ત થાય છે : ઓમ સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહ વીર્ય કરવા વહૈ તેજસ્વિ નાવધી તમસ્તુ, સમા વિદ્વિષા વહૈ

**ગુરૂઃ બ્રહ્મા ગુરૂઃ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરઃ।**
**ગુરૂઃ શાક્ષાત્પરમ્ બ્રહ્મ, તસ્મૈ ગુરૂવે નમઃ॥**

શાસ્ત્રોમાં 'ગુ' એટલે અંધકાર અને 'રૂ' એટલે તેનો નિરોધક મતલબ પ્રકાશ. મતલબ આ બે અક્ષરોથી મળીને બનેલ 'ગુરૂ' શબ્દનો અર્થ છે. શિષ્યમાં અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી દિપક પ્રગટાવનાર ગુરૂ એક જીવન શિલ્પી મહાપુરૂષ છે. જેમની અંદર પ્રકાશની શોધ પેદા થઈ છે. ગુરૂ એ છે કે અજ્ઞાનતા દૂર કરે છે ગુરૂ એ છે જે ધર્મનો માર્ગ બતાવે છે ગુરૂ મોક્ષનો સાચો રાહ બતાવનાર ભોમિયો છે.

મનુષ્યનો પ્રથમ ગુરૂ મનુષ્યને જન્મ અને સંસ્કાર આપનાર માતા પછી એને શિક્ષિત કરનાર શિક્ષક-ગુરૂનું સ્થાન વિશિષ્ઠ છે. આપણી સંસ્કૃતિ અને ધર્મની ઈમારતનો પાયા જ્ઞાન છે. જ્ઞાન મેળવવા માટે ગુરૂનું હોવું અતિ આવશ્યક છે. ગુરૂ પોતાના આચરણ દ્વારા શિષ્યની જિંદગીનું ઘડતર કરે છે. ગુરૂને આચાર્ય પણ કહેવામાં આવે છે. આચાર્ય દેવો ભવ પ્રાચીનકાળમાં આદિગુરૂ ૠષિ શ્રેષ્ઠ શ્રીવેદ વ્યાસજીની પૂજા પણ આ દિવસે કરવામાં આવે છે. વેદ વ્યાસ એ મહાભારત દ્વારા વેદો અને શાસ્ત્રોનો સાર તથા ધર્મશાસ્ત્ર, નીતીશાસ્ત્ર, જ્ઞાન-વિજ્ઞાન અને જીવનનો અર્થ આપણને શિખવ્યો છે. વેદ વ્યાસની સ્મૃતિને આપણા હૃદયમાં કાયમ રાખવા માટે આપણા ગુરૂમા વ્યાસજીનો અંશ માનીને તેમનું પૂજન કરવામાં આવે છે.

ગાંધીનગરમાં અનેક સ્થળોએ ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ મનાવવામાં આવે છે. આ ઉપરાંત આવનારી પેઢી પણ ગુરૂ પ્રત્યેનું ૠણ અદા કરવાની પરંપરાને જીવંત રાખે અને તેમનામાં પણ ગુરૂ પ્રત્યેની નિષ્ઠા વધે તે માટે શાળાઓ અને કોલેજોમાં પણ ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવે છે.

અદિકાળથી ભારતીય સંસ્કૃતિ અનુસાર મહા પર્વ તરીકે ગુરૂપૂર્ણિમા પર્વ મનાવવામાં આવે છે. જ્ઞાનનું દાન આપનાર આપણા ગુરૂ પ્રત્યેનું ૠણ અદા કરવાનું આ પર્વ છે.

બાળપણથી બાળકમાં ગુણોનું સિંચન કરવું, જીવનની સાચી દિશા બતાવીને માર્ગદર્શન આપવું, વ્યવહારો શિખવવા અને તેનું ઘડતર એક આદર્શ નાગરિક તરીકે કરવામાં ગુરૂ વિશેષ ભૂમિકા ભજવે છે. આ ગુરૂ પ્રત્યે શિષ્યના સર્વ સ્વાર્પણનો દિવસ એટલે અષાઢ મહિનાની પૂર્ણિમા-ગુરૂ પૂર્ણિમા.

પ્રાચીનકાળમાં ૠષિકૂળ પદ્ધતિથી જ્યારે વિદ્યાર્થી શિક્ષણ લેતો હતો ત્યારે આ દિવસે જ તે પોતાના ગુરૂનું શ્રધ્ધાપૂર્વક પૂજન કરીને યથાશક્તિ-સામર્થ્ય પ્રમાણે દક્ષિણા અર્પણ કરીને પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરતો હતો. અત્યારે પણ આ પરંપરા યથાવત રહી છે. ગુરૂનું મહાત્મ્ય આપણા પુરાણોએ પણ ખૂબ વર્ણવ્યુ છે. હિન્દુ ધર્મમાં ગુરૂને ભગવાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. ત્યારે ૨૧મી સદીમાં શિષ્યો પોતાના ગુરૂ પ્રત્યે કેવી ભાવના રાખે છે ગુરૂનું તેમના જીવનમાં શું મહત્વ છે, ગુરૂનું અસ્તિત્વ તેમના જીવનમાં કંઈ રીતે અભિવ્યક્ત કરી શકાય છે તથા ગુરૂનું સ્થાન તેમના જીવનમાં ક્યાં છે આ અંગે "ગાંધીનગર સમાચાર" આ ગુરૂપૂર્ણિમાના શુભ દિવસે કેટલાક અભિપ્રાયો રજૂ કરે છે.



ગુરુ પૂર્ણિમાનો દિવસ એ ગુરુમાં રહેલા તત્ત્વને વંદના કરવાનું એક મહાન પર્વ છે. આ તત્ત્વ આપણામાં વિકસે એ ભાવથી આજ રોજ આપણે વ્યક્તિને નહીં પણ તેનામાં વિદ્યમાન સાત્વિક ગુણોને આત્મસાત કરવાની સાધના છે.

**- ભાવિન પટેલ (પનઘટ કલાકેન્દ્ર)**

ગું ગુરુભ્યો નમઃ



આજે ગુરુપૂર્ણિમા ના શુભપાવન દિવ્ય-મંગલકારી - આનંદમય પર્વ નિમિત્તે ગુરુજી ના પુણ્યપ્રદ ચરણો માં સાષ્ટાંગ દંડવત પ્રણામ ગુરુ એ કોઈ વ્યક્તિ નું નામ કે વિશેષણ નથી ગુરુ એ તત્વ છે આજ તત્વ આપણા ગુરુજી ના સ્થૂળ - દિવ્ય શરીર માં પ્રવેશ કરીને આપણા જેવા શિષ્યો નો ઉધ્ધાર કરે છે ગુરુજી આપણ ને અજ્ઞાનરૂપી અંધકાર માંથી જ્ઞાનરૂપી આજવારા માં પ્રકાશ માં લાવે છે ગુરુજી આપણ ને સત્ય - જ્ઞાન - નીતિ - કરુણા - પ્રેમ - દયા નો માર્ગ બતાવીને આપણ ને સન્માર્ગ પેરિત કરે છે એવા પુનિતપાવન ગુરુજી ના ચરણો પ્રણામ કરીને ને મારી વાણી ને વિરામ આપું છુ.

**- પ્રેમલસિહ ગોલ**
(ડેપ્યુટી મેયર, મનપા ગાંધીનગર)



ગુરુ મેરી પુજા, ગુરૂ ગોવિંદ...

ગુરુ પુર્ણિમાના પાવન પર્વ ની શુભકામનાઓ. જીવનમાં કોઈ પણ વ્યક્તિ ને સાચા સદગુરુ મલી જાય તો તેનું જીવન ધન્ય થઈ જાય છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુ નું એક આગવું મહત્ત્વ રહ્યું છે. જે સદગુરુ પોતે કોઈ પણ જાતના વ્યસનથી દુર રહીને પોતાની વાણીના પ્રભાવથી સમાજને વ્યસન મુક્ત કરી સર્વ સમાજ પ્રત્યે સમભાવ રાખીને સમાજને સાચી દિશામાં સામાજિક સેવાઓ થકી સત્કાર્યો કરવાની પ્રેરણા આપે એ જ સાચા સદગુરુ. આવા તમામ સદગુરુઓના ચરણોમાં ગુરુપૂર્ણિમા ના પવિત્ર દિવસે કોટી કોટી વંદન કરું છું.

**દિનેશભાઇ વ્યાસ**
(માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી આનંદી માઁ નો વડલો, માણસા)



મારા પિતા મારા ગુરુ,
સ્થાન તેમનું મારા રોમે રોમમાં,
સમાજમાં સ્થાન અને જીવવા સંસ્કાર આપ્યા
પિતાજી મારા આધ્યાત્મિક અને સામાજિક ગુરુ
પ્રમાણિકતા ના પાઠ અને આધુનિકતાનો સંયમ શિખવાડનાર એ જ મારા પિતા.

**નરેન્દ્ર શી. પટેલ**



ઈશ્વરે મને માનવદેહ આપ્યો પરંતુ મારું વ્યક્તિત્વ ઘડાયું છે તેનો યશ માતા-પિતા પછી ગુરુને છે. મારી પ્રકૃતિ, મારી રુચિ અને આવી બધી બાબતો માટે સર્વશ્રેષ્ઠ શ્રેય મારા ગુરુજનોને છે. આજના દિવસે એમને પ્રણામ કરીને ધન્યતા અનુભવું છું.

**- ડો. રશ્મિકાન્ત મહેતા**
**(સાહિત્યકાર)**



મારા જીવનમાં ગુરુનો અર્થ માહિતી કે શિક્ષણ આપનાર નથી, સાચો ગુરુ એ છે જે પોતાના શિષ્યને એ જ્ઞાન જાતે મેળવી શકે અને રોજ નવી ચેલેન્જને સ્વિકારી શકે તે માટે લાયક બનાવે. માહિતી તો ગૂગલ પરથી પણ મળી જાય છે પરંતુ પથદર્શન માટે તો ગુરુના ચરણોમાં પહોંચ્યા સિવાય ઉદ્ધાર નથી.

**-યાજ્ઞિક ઠેસિયા**
(જનસંપર્ક અધિકારી, ગાંધીનગર મહાનગરપાલિકા)



આપણી કહેવત છે કે " ગુરુ વીના જ્ઞાન નહી."

જેવી રીતે મધદરિયે રહેલા વહાણને દિશાસુચક યંત્ર કિનારે પહોંચાડે છે તેવી જ રીતે ગુરુ પોતાના શિષ્ય ની જીવન નૈયા ને મોક્ષ સુધી પહોંચાડે છે.

સદ્ગુરુ પોતાના જ્ઞાન અને માર્ગ દર્શન થી આપણા જીવનને અમૂલ્ય બનાવે છે.

આપણે જાણીએ છીએ કે, સ્વામી વિવેકાનંદ તેમના ગુરુ સ્વામી પરમહંસ થકી તેમજ અર્જુન પોતાના ગુરુ દ્રોણ થકી મહાન છે.

મારું માનવું છે કે સફળ જીવન માટે એક સદ્ગુરુ હોવા જરૂરી છે. આપણા વેદો માં પણ ગુરુ નો મહિમા ઊતમ છે અને એટલે જ કહેલું છે :

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ : ગુરુ દેવો મહેશ્વર
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસમેય શ્રી ગુરુ દેવ નમઃ
અસતુઃ ૐ

**રાહુલ મહેતા**

આજના આ દિવસે હું મારા ગુરુ ને આભાર વ્યક્ત કરવા માંગીશ...!



મને વાંચતા-લખતા શિખવાડવા માટે આભાર... મને સાચુ-ખોટુ સમજાવવા માટે આભાર... મને મોટા સપના જોવા અને આકાશ આંબવાનુ સાહસ આપવા માટે આભાર.... મારા મિત્ર, ગુરૂ અને પ્રકાશ બનવા માટે આભાર..

**- નિકુંજ શ્રીમાળી (બિઝનેસમેન)**



અઢાર પુરાણ ના રચાયતા વેદ વ્યાસ એ સમાજ ના સાચા ગુરુ હતા પરંપરા ગત વ્યાસ પૂર્ણિમા એજ ગુરુ પૂર્ણિમા. જીવન મા સાચા ખોટા નિ રાહ બતાવા ગુરુની અવશકતા રહે છે

અજ્ઞા ની ને જ્ઞાન આપનાર ઈશ્વરભિમુખ બનાવનાર ગુરુ શિષ્ય ને પરભ્રમ સાક્ષાત્કાર કરાવે છે . શ્રી સ્વામીનારાયણ ભગવાને સ્વહસ્તે શિક્ષાપત્રી લખી છે તેમાં ગુરૂ ને માતા પિતા ની કક્ષા એ સ્થાપેલ છે.

**- જય દવે ( દવે સાઉન્ડ & મ્યુઝિક)**



ગુરુ બિન રેખાના ઉપજે ગુરુ બિન તરે ન ભેદ ગુરુ બિન સંસારના તરે ભલે વાંચે ચાર વેદ.

દરેક સંબંધ ભરોસા ઉપર જ નભે છે શિષ્યોને ગુરુ ઉપર વિશ્વાસ હોય છે કે એ મને જે શીખવશે એ સાચું જ હશે અને ગુરુને શિષ્ય પર તેવી જ રીતે જિંદગીમાં બે જ વસ્તુ ખૂબ જ મહત્વની છે એક તો તમે કોના ઉપર ભરોસો કરો છો અને બીજું કે કોઈ તમારા પર મુકેલા ભરોસા ને તમે કેટલો સાર્થક કરો છો.ગુરુ જીવન ની સાચી રાહ ચીંધે છે.મારા માતા પિતા પછી ગુરુજી નું સૌથી મહત્વ નું સ્થાન છે.

**- અક્ષય જાની**



ગુરૂ નું સ્થાન વિશ્વ માં સર્વોપરી હોય છે. જન્મ પછી પ્રથમ ગુરૂ માતા - પિતા અને અન્ય વડીલ તેમજ ભાઈ બહેન વિગેરે ની સાથે સ્કૂલ, કોલેજ ના શિક્ષક વ્યક્તિત્વ, ચારિત્ર્ય, સમજ અને આત્મવિશ્વાસ પણ વિકસિત કરે છે જે સંપૂર્ણ જીવન પ્રકાશિત અને ઉપયોગી કરે છે!

**- પ્રશાંત પંચલોથીયા**
(નિવૃત્ત વેટરનરી ડોક્ટર & એક્ટર)



ગુરૂ એ એક એવું સ્થાન છે જે માતા, પિતા અને પરમાત્મામાં સૌથી ઉપર છે. માતા-પિતા તમને જીવન જીવતા શીખવે છે પરંતુ ગુરુ એ તમને જીવનમાં આવનારી તમામ મુસીબતો સામે લડતા શીખવે છે.

**- નીકુંજ મિસ્ત્રી (મુવી ડિરેક્ટર)**



જૂના વડવાઓ કહેતા હતા બાપ એવા બેટા અને ગુરુ એવા ચેલા. જીવનમાં જેટલો દરજ્જો મા-બાપને આપવામાં આવે છે તેટલો જ ગુરુને પણ આપવામાં આવે છે. જેમને આપણે જીવતા 'ગોડ' કહીએ છીએ. જે માણસના માથે ગુરુનો હાથ હોય છે તે જીવનના કોઈ તબક્કામાં હારતો નથી. અને કહેવામાં આવે છે કે ઘરમાં સંસ્કાર આપવાનું કામ જેમ મા-બાપનં છે તેમ એક શિષ્યને દુનિયા શું છે અને તેમાં કેવી રીતે પાસ પાડીને જીત હાંસીલ કરવું તેનું કામ એક સાચા ગુરુનું છે. અને અસલી હીરાની પરખ એક જ્વેરી કરી શકે છે નહી તો એ હીરો એક નોર્મલ પથ્થર બનીને મામુલી બની જાય એટલે મારા માટે ગુરુ વગરનું જીવન નકામું છે તેમ કહીશ.

**- અભિરાજસિંહ ઝાલા**
(એમઆરડીસી ડાન્સ ક્લાસ, ગાંધીનગર)



માંતા પીતા પછી કોઈ હોય તો તે ગુરુ છે
જે સાચો રસ્તો બતાવે તે સાચો ગુરુ છે
ગુરુ એટલે જે દુનિયા સાથે ચાલતા શીખવે એ સાચો ગુરુ
માતા પીતાની કમી પૂરી કરે તે છે ગુરુ


**જયરાજ ગોહિલ (જીમ ટ્રેનર)**



ગુરૂનો મહિમા...

આજે આ પાવન ગુરુપૂણિમા ના અવસરે .. પ્રથમ હું મારાં માત પિતા ને વંદન કરું છું. એમને જીવન માં હસતાં શિખવાડ્યુ ..પા પા પગલી ની ડગલી થી જીવન માં જીવતાં શિખવાડયુ.. બીજા મારા ગુરુજનો ને નમન કરું છું જેમણે જીવન માં ભણતર સાથે ખરાં ખોટાં નું ગણિત શિખવડયુ. જીવન માઁ દરેક ડગલે હર પળ કંઈક નવું શિખવાડયુ એ સર્વે ને આ શિષ્ય ના વંદન.

**ઉપૅલ રામભાઈ જોષી**




અહીં મળે છે ડગલે ને પગલે હજારો આ દુનિયામાં, પણ નિઃસ્વાર્થ ભાવે ઘડતર કરે એ એટલે ગુરુ.

વિચારો, લાગણીઓ અને પ્રગતિનો પંથ એટલે ગુરુ.

હારી જવાના ડર સામે હંમેશાં જીતવાનો વિશ્વાસ કરે એટલે ગુરુ.

આવાં તમામ ગુરુજનોનાં ચરણોમાં મારા વંદન અને નમન... જય જય ગરવી ગુજરાત !!!

**- મિલાપ ટાટારિઆ ,**
ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન



આપણા સૌથી મોટા ગુરુ જે આપણને નાનપણ થી જિંદગી જીવવા નું શીખવાડે છે, તેવા આપણાં માતા પિતા ને દિલ થી વંદન.

**દિવ્યરાજસિહ ચાવડા**

જીવનમાં ઘણા ક્ષેત્રોમાં મને જે સફળતાઓ મળી છે તે માટે મારા જીવનમાં ગુરુનું સ્થાન સૌથી ઊંચુ રહેલું છે. જન્મદાતા ગુરુ તરીકે માતાપિતાના અમૂલ્ય વારસા પછી આપણી કેળવણી જેમાં બધા જ પ્રકારની કેળવણી આવી જાય. આપણી વર્તણૂક, વૈચારીક કેળવણી દરેક માટે ગુરુ હોય જ છે. મારા ગુરુએ આગળ કઇ રીતે વધવું એ



સિવાય સાચું શું છે અને સાચી તાલીમ કેવી હોય એ શીખવ્યું છે. ગુરુ થકી મારામાં ધગશ, જીજ્ઞાસાવૃત્તિ, માનવીય સંવેદના, વિવેકપૂર્ણ વર્તન અને જીવનમાં તટસ્થતા અને સંતોષ જેવા ગુણોનો વિકાસ થયો છે. સારા અને સાચા ગુરુ મળવા એ પણ ઈશ્વરકૃપા જ ગણી શકાય. મારા ઉપર ઈશ્વરકૃપા સાચા ગુરુ સ્વરૂપે સદાય વરસી રહી છે. મારા તમામ ગુરુઓને મારા શત શત વંદન.

**વત્સલ વોરા**



જીવનમાં દરેક ક્ષેત્રોમાં પ્રગતિ શિક્ષણ, આધ્યાત્મિકતાનાં જ્ઞાન માટે ગુરૂનું હોવું આવશ્યક જ નહીં અનિવાર્ય છે. "ગુરૂ બિન જ્ઞાન કહાં " ઉકિત એમ જ નથી લખાઈ. મારાં જીવનમાં શિક્ષણ થી લઈ ધર્મની યાત્રામાં અનેક મહાનુભાવોનો અમૂલ્ય ફાળો રહેલ છે. જેમને મેં ગુરૂ તુલ્ય માની ભક્તિભાવથી ભાવ પુષ્પો અર્પણ કરી જીવનમાં જ્ઞાનની પ્રાપ્તિ કરી છે. તેવા તમામ મહાનુભાવોને ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે વંદન..

**ડો. અશ્વિન ત્રિવેદી**
એડવોકેટ & સ્પે. પી. પી.




બાળક માટે માતાપિતા તેના પ્રથમ શિક્ષક છે અને વિદ્યાર્થી માટે શિક્ષકો તેમના બીજા પરિવાર સમાન છે. પ્રાચીન કાળથી વાલ્મીકિ અને દ્રોણાચાર્ય જેવા શિક્ષકોથી લઈને સ્વામી વિવેકાનંદ અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા શિક્ષકોએ બાળકો, સમાજ અને રાષ્ટ્રનું ભવિષ્ય ઘડ્યું છે. મારા બધા શિક્ષકો, મારા માતા-પિતા અને દરેક વ્યક્તિ કે જેમણે મને માર્ગદર્શન આપ્યું છે અને મને આજે હું જે છું તેવો આકાર આપ્યો છે તે દરેકને આદર આપું એ મારા માટે સન્માનની વાત છે.

**નેહા ભૌમિક**



જીવનમાં વ્યક્તિ કોણ છે તેના કરતાં તે વ્યક્તિના ગુરુ (સલાહકાર) કોણ છે એ ખુબ મહત્વ નું છે.. ઉદાહરણ તરીકે કૌરવો અને પાંડવો.. ગુરુ દ્રોણ ની સલાહથી એકસો કૌરવો હોવા છતાં પાંચ પાંડવો સામે હારી ગયા હતા અને પાંડવો ના ગુરુ "શ્રી કૃષ્ણ" હતા તો ફક્ત પાંચ હોવા છતાં દુનિયા ની સહુથી મોટી સેના સામે વિજય મેળવ્યો હતો....

**રાજન ઠક્કર (યુવા આગેવાન)**



ગુરુ એટલે જીવનના અંધારામાં અંજવાળું શોધતા શીખવાડે, પડીએ છીએ તો પડ્યા પછી ઉભા કેવીરીતે થવાય એ શીખવાડે, આવેલી મુશ્કેલી માંથી બહાર કેવીરીતે નીકળવાના રસ્તા અડીખમ કેમ ચાલવું એ શીખવાડે.. અને આ બધુજ કોઈપણ ચેહરો શીખવાડી શકે છે.અને એ ચેહરો આપણો ગુરુ બને છે.

**રેશમા નિનામા**



શાળાના દિવસોમાં જે સૌથી આગળની પાટલી પર બેસનારા બધા જ નોકરી કરે છે અને સૌથી છેલ્લી પાટલી પર બેસવાવાળા ધંધો !

શાળાજીવનનું સત્ય તો એજ છે કે....

આગળની પાટલી પર બેસનાર વિદ્યાર્થી દરેક પ્રશ્નોના જવાબ જાણતો હોય છે,

પરંતુ છેલ્લી પાટલી પર બેસનાર દરેક પ્રશ્નનો કેમ સામનો કરવો તે જાણતો હોય છે....

અનુભવ થી મોટો કોઈ ગુરૂ નથી.

**વિનાયક પ્રિયાની**



ગુરૂ કુમ્હાર શિષ કુમ્ભ હૈ
ઘડિ ઘડિ કાઢે ખોટ
અંતર સે સવાર દે
બાહર બાહે ચોટ (કબીર)

મારા માટે ગુરૂ કુમ્ભાર છે અને શિષ્ય કુંભ જે ઘડિયે ઘડિ સાથે રહિ તમારી ભૂલો કાઢે છે કુમ્ભાર જ્યારે માટલી ઘડે છે ત્યારે તે માટલીની અંદર હાથ રાખે એટલે કે અંદરથી સંભાળી લે છે અને બહાર હાથ થાપતો (મારતો) જાય છે. જેથી ઘડો ઉત્તમ બને છે.

**- નીલકંઠ શાસ્ત્રીજી (શ્રી પંચદેવ મંદિર, સે. ૨૨)**



"એક માણસનો થયો છે સ્પર્શ જ્યાં,
જિંદગીનો પામ્યો છું હું મર્મ ત્યાં."

એક માણસ એટલે ગુરૂ એની પાસે જાદુઈ સ્પર્શ હોય છે. કંઈ કેટલાયે શ્વાસોને એ તરબતર કરે છે. તો કંઈ કેટલાયે હાથોનો એ મોટો આધાર બને છે. ગુરૂ પૂર્ણિમાએ મારા આવા ગુરૂને વંદન.

**- ધ્વનિલ પારેખ**
**(લેખક, અધ્યાપક, સાહિત્યકાર)**



સંસ્કારો વગર માનવી પ્રાણી જેવો હોય છે. સાચો માનવી નથી હોતો. માનવીને સાચા માનવી બનવું હોય તો ગુરૂ અને ગુરૂવંદના વગર શક્ય જ નથી. દરેકને એક ગોડ ફાધર હોય છે. જેને ગુરૂ કહેવાય. ઘણી વખત દ્રોણાચાર્યનું પુતળુ બનાવીને પણ એકલવ્ય થઈ શકાય. પણ ગુરૂની પ્રતિમામાંથી પણ ગુરૂ પોતાના શિષ્યને સમાજમાં જીવવા માટે બાણ છોડતા શીખવાડે છે.

**- મહેન્દ્ર ગજ્જર**
**(શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી)**




મનુષ્યનો પ્રથમ ગુરૂ મનુષ્યને જન્મ અને સંસ્કાર આપનાર માતા પછી એને શિક્ષિત કરનાર શિક્ષક-ગુરૂ સ્થાન વિશિષ્ટ છે. આપણી સંસ્કૃતિ અને ધર્મની ઈમારતોનો પાયો જ્ઞાન છે. જ્ઞાન મેળવવા માટે ગુરૂનું હોવું અતિ આવશ્યક છે. ગુરૂ બિન નહી જ્ઞાન, ગુરૂ જ પોતાના શિષ્યોને નવજીવન માટે તૈયાર કરે છે.

**- નિકુંજ કે. સાધુ**
**(જીલ્લા પંચાયત, ગાંધીનગર)**



મારી દષ્ટિએ ગુરૂનું સ્થાન સર્વ જગતમાં પૂજનીય છે. અને સમાજની રીતે સૌ પ્રથમ ગુરૂ એટલે પોતાના માતા-પિતા. ગુરૂ ન હોય તો આજ સમાજને માર્ગદર્શન ના મળતું માટે ગુરૂ તો હોવા જ જોઈએ.

**- વી.ટી. સોની**
**(અંગત મદદનીશ, જિલ્લા પંચાયત)**



મનુષ્ય જીવનમાં કોઈપણ ક્ષેત્રે કાર્ય સિદ્ધ કરવું હોય તો ગુરૂની જરૂર પડે છે. પછી તે ભલે આધ્યાત્મિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે હોય કે અન્ય કોઈ ક્ષેત્રે હોય. ગુરૂ વગર કોઈ પણ કામ શીખી શકાતું નથી. સાદા અર્થમાં ગુરૂ એટલે શીખવનાર. ગુરૂ પોતાનામાં રહેલું ઓજસ પોતાના શિષ્યને આપે છે. ગુરૂ હંમેશા શિષ્યની પ્રગતિથી ખુશ થતાં હોય છે. ગુરૂ જ આપણને અજ્ઞાનરૂપી અંધકારથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ દોરી જાય છે.

**- સંકેત ગોર**
**(લાયન્સ કલબ ગાંધીનગર, સહમંત્રી)**



ઓશો કહે છે કે જો કોઈ શિષ્ય કેવી રીતે બનવું તે જાણે છે તો ગુરૂ સર્વત્ર પ્રગટ થાય છે.

ખરો પ્રશ્ન શિષ્ય બનવાનો છે. ખરા શિષ્ય બનતા શીખશો તો ગુરૂ તો સર્વત્ર મળશે. અરે પત્થરની દિવાલ પણ ગુરૂ બની જશે. પણ જો કોઈ શિષ્ય બનવું જ ન જાણતો હોય તો ગુરૂ પણ પત્થરની દિવાલ કરતા વિશેષ નહીં રહે.

**- દિલીપસિંહ ભગતસિંહ ઝાલા**
**સેક્ટર-૬-બી, ગાંધીનગર**



દરેક મનુષ્યના જીવનમાં ગુરૂનું આગવું મહત્વ છે. માતા એ આપણી સૌ પ્રથમ ગુરૂ છે. સૃષ્ટિમાં જન્મ લીધા પછી સૃષ્ટિની દરેક વસ્તુનું જ્ઞાન વ્યક્તિ જે જીવન જીવવાની કળા શીખવે છે તે સર્વ આપણા ગુરૂ છે. આધ્યાત્મિક જીવનમાં ગુરૂ ઈશ્વર સાથે જોડાણ ધરાવે છે. મનુષ્ય રૂપી આપણી આ આત્મા સૃષ્ટિ પર કયા કર્મો કરવા માટે આવી છે તેનાથી ગુરૂ પુલ બની સાચો રસ્તો ચીંધે છે.

**- રીટાબેન પટેલ (પૂર્વ મેયર)**



ગુરૂ એ છે જે તેના અનુયાયીઓને સકારાત્મક ઊર્જાથી પ્રેરિત કરે છે અને અંધકારમાંથી પ્રકાશમાં લાવવા માટે સખત મહેનત કરાવે છે. તે ગુરૂ છે. મારા જીવનમાં ગુરૂનું મહત્વ અત્યંત છે.

**- ધ્રુવ પાંડોર**

### શહેરમાં ગુરુ પૂર્ણિમાના કાર્યક્રમો

સે.૧ સમદર્શન આશ્રમ
- સવારે ૭ કલાકે ગુરુ પરંપરાનું પૂજન
- સવારે પૂ. ગુરુમાનું પૂજન
- સવારે ૧૧.૩૦ કલાકે પૂ. ગુરુમાના આશિર્વચન

સે.૨૮ શ્રી દત્ત મંદિર
- સાંજે ૫ થી ૮ શ્રી પાદુકા પૂજન

શ્રી રામધામ, વાવોલ
- સવારે ૫.૩૦ મંગળા આરતી
- સવારે ૯.૧૫ ધ્વજા પૂજન
- સવારે ૯.૩૦ પાદુકા પૂજન
- સવારે ૧૦.૦૦ ગુરુ પૂજન તથા દિક્ષા
- સવારે ૧૧.૦૦ કલાકે ગુરુ આરતી

### ગુરૂ પૂર્ણિમા, હિંદુઓ માટે વિશેષ પર્વ

## ગુરુ પાસેથી દીક્ષા લીધા વિના પૂજા નિષ્ફળ જાય છે

કહેવાય છે કે ગુરુ પાસેથી દીક્ષા લીધા વિના જાપ, પૂજા વગેરે નિષ્ફળ જાય છે. એટલે ગુરુ દીક્ષા હેઠળ ગુરુ પોતાના શિષ્યને એક મંત્ર આપે છે. જ્યારે તમે મુશ્કેલીમાં ફસાયેલાં હોવ, કોઈ નિર્ણય લઇ શકો નહીં તો ગુરુ આવા મુશ્કેલ સમયનો સામનો કરવા માટે રસ્તો બતાવે છે. એટલે જ આપણે ત્યાં ગુરુનું ખૂબ જ મહત્વ છે. તેવામાં ૧૩ જુલાઈ બુધવારના રોજ ગુરુ પૂર્ણિમા પર્વ છે. હિંદુ પરંપરાઓમાં આ દિવસ અધ્યાત્મિક ગુરુઓની પૂજા અને સન્માનનો વિશેષ દિવસ હોય છે. આ દિવસે મહાભારતના રચયિતા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો જન્મ પણ થયો હતો. એટલે તેને ગુરુ પૂર્ણિમા કહેવામાં આવે છે. તેમણે એક વેદમાંથી ચારેય વેદના વિભાગની રચના કરી હતી. આ કારણે તેમને વેદ વ્યાસ કહેવામાં આવે છે. તેમને આદિગુરુ કહેવામાં આવે છે અને તેમના સન્માનમાં ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા નામથી પણ ઓળખવામાં આવે છે. ભગવાન દત્તાત્રેયનું વચન હતું કે એકવાર ગુરુ દીક્ષા લેવાથી કામ ચાલશે નહીં, સતત ગુરુ દીક્ષા લેવી પડશે. કબીરે પણ આવું જ કહેતા સમજાવ્યું હતું કે વાસણ સાફ કરતા રહો. જેમ વાસણ સતત ગંદા થતા હોય છે અને તેને સતત સાફ કરવા પડશે, જેટલી વાર સાફ કરશો તેટલાં જ વધારે ચમકશે.